નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અહીં લીટી ઉપર લીટી બને છે
નવો મારગ તો ક્યાં જલદી બને છે
પડે છે કેટલાં છાલાં આ પગને,
પછી એકાદ પગદંડી બને છે !

- ખલીલ ધનતેજવી

પાથેય

- રમેશ ઠક્કર

પગદંડીના પુરસ્કર્તાઓ...

ચીલે ચાલવું સહુ કોઇ માટે સરળ બની રહે છે.સામાન્ય રીતે માણસ બે લીટી વચ્ચે શ્રુતલેખન લખતો હોય એમ જ જીવન પણ જીવતો રહે છે.અમારા જમાનામાં કહેવાતું કે નિશાળેથી નિકળી જવું પાંસરા ઘેર..સીધી લીટીમાં જે જીવે છે એનું મહિમાગાન થતું રહે છે..વાસ્તવમાં ભલે અંગત રીતે આ બાબત સારી ગણાતી હોય પરંતું જો માણસ એક જ પ્રકારની ઘરેડને વળગી રહે તો એ ભાગ્યે જ કોઇ નવી દિશા પામી શકે છે..લીટી ઉપર લીટી દોરતા જવું એટલે ચીલાચાલુ રીતે જીવવું..જે માણસ આ બધાથી અલગ રીતે વિચારીને જીવે એ જ કશુંક નક્કર પ્રાપ્ત કરી શકે છે..આવા લોકો થકી જ જગત ચાલતું રહે છે..આપણે સીધીલીટીના વારસદારો બની રહેવામાં સલામતી શોધતા રહીએ છીએ..દુનિયામાં આડીલાઇને રસ્તો શોધવાની મથામણ કરતા લોકો એ જ નવી નવી શોધો અને નવી જાણકારી પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે.આવા ઉફરા ચાલતા લોકો થકી જ નવી કેડીઓ કંડારાતી રહે છે.

માણસ જ્યારે કોઈ ક્ષેત્રમાં આગળ વધે છે ત્યારે એની એ સફળતા રાતોરાત મળેલી હોતી નથી.એવો આપણા સૌનો અનુભવ છે.એક ગાયક કેટલા રિયાઝ કરે, સાતત્ય સાથે સતત સંગીતની આરાધના કરે ત્યારે એના કંઠ ઉપર કાબુ આવતો હોય છે.એક જબરજસ્ત શિસ્ત અને તપ કહી શકાય એવી કક્ષાએ પહોંચ્યા પછી એ સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે.કોઈ પણ ક્ષેત્રમાં જ્યારે માણસ કંઈક નવીન અથવા તો આગવી પ્રતિભા સાથે ડગ ભરે છે ત્યારે એની પાછળ એનો કઠોર પરિશ્રમ હોય છ.સાધારણ લાગતી કોઈપણ કેડી રાતોરાત આકાર પામતી નથી.કેટલાય લોકો એની ઉપર ચાલે એ? પછી એનો આકાર ઉપસે છે.સતત ચાલતા રહીને એ પગદંડીને આકાર આપે છે.એ પછી એક સુંદર પગદંડીઆવિષ્કાર પામે છે.આપણે કોઈ સુંદર રસ્તાને યાદ રાખતા હોઈએ છીએ પરંતુ એ રસ્તે ચાલનારના પગમાં જે છાલાં અથવા તો ઘાવ પડ્યા હોય છે એ જોવાની ભાગ્યે જ દરકાર કરતા હોઈએ છીએ.!

આખરે કેવી હોય છે માણસની અલગ પ્રતિભા ? આપણે જોયું કે એક જમાનામાં બેરિસ્ટર હોવું એ ખૂબ જ મોટી વાત ગણાતી.આપણી આઝાદીના સમયમાં કે સામાજિક સુધારાના સમયગાળામાં જે કોઈ મહાપુરુષો આવ્યા એ મોટેભાગે બેરિસ્ટરો કે વકીલાતના વ્યવસાયમાંથી આવેલા હતા. આપણા સૌથી મોટા સર્જક ગો.મા.ત્રિપાઠી મોટા વકીલ હતા.પોતાના વ્યવસાયમાં એ સમયમાં પણ લાખો રૂપિયા કમાઈ શકતા હતા.આમછતાં એમણે સાહિત્યના ક્ષેત્રે કામ કર્યું, અને ૫ વકીલાતની ધીકતી પ્રેક્ટિસ છોડી માત્ર ૪૫ વર્ષની ઉંમરે સાહિત્ય માટે સંપૂર્ણ સમર્પિત થઈ પોતાનું જીવન ઉમદા હેતુ માટે સમર્પિત કરી દીધું.જેના કારણે આપણી ભાષાને 'સરસ્વતીચંદ્ર' ઉત્કૃષ્ટ નવલકથા મળી.મહાત્મા ગાંધીજી અલગ પગદંડીના મુસાફરની રીતે હંમેશા ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કરી ગયા છે.એ પણ માત્ર ૧૮ વર્ષની ઉંમરે જ બેરિસ્ટર થઈ ગયા હતા. વકીલાતનો વ્યવસાય કરી નામ અને દામ બંને કમાઈ શક્યા હોત.પરંતુ એમણે જોયું કે પોતાના ગુલામ દેશ માટે એમને કામ કરવું જરૂરી છે.એમણે પોતાની જિંદગીના સીધાસાદા રસ્તા પર ચાલવાના બદલે,એક અલગ કેડી પસંદ કરી.જેમાં અવિરત સંઘર્ષ દ્વારા પોતાની માતૃભૂમિને વિદેશી શાસનમાંથી આઝાદ કરાવવાની હતી.એમની આ પગદંડી ભલે શરૂઆતમાં એક નાનકડા પ્રયાસથી શરૂ થઈ હતી.પરંતુ આગળ જતાં ઈતિહાસના પૃષ્ઠો ઉપર એક ધોરીમાર્ગ સાબિત થવાની હતી.જેમાંથી દુનિયાભરના કચડાયેલા અને વંચિત લોકો પ્રેરણા મેળવવાના હતા.. આવાં તો અનેક ઉદાહરણો આપણે જાહેરક્ષેત્રના મોટા માણસો કહી શકાય એમના જીવનમાંથી મેળવી શકીએ છીએ.પરંતુ આપણી આસપાસ સામાન્ય જીવન જીવતા લોકો પણ ઘણી બાબતોમાં મૌલિક હોય છે.એમના પોતાના આગવા ખયાલો હોય છે.જગતના ચીલાચાલુ કે પરંપરિત માપદંડોને બદલે એ પોતાની શરતોથી જીવન જીવવાનું પસંદ કરી અન્યને પ્રેરણા આપતા હોય છે.એ રીતે એક અલગ પગદંડીના પ્રણેતા પુરવાર થતા હોય છે..

એની સાથે એ મારા જેટલી જ હળીમળી ગઈ હતી

સ-રસ
મમતા બુચ

"શું ભાભી, આજે શું બનાવ્યું છે?" બ્રિજેશે ઘરમાં પેસતાં જ ટહુકો કર્યો. "ખાસ કઈ નહીં, એ જ, રોટલી-દાળ-ભાત-શાક." મીતાએ સસ્મિત જવાબ આપ્યો. અને ઉમેર્યું, "બાકી તો કાચા પપૈયાંનો સંભારો બનાયો છે. લો ને, થોડો ચાખો." બ્રિજેશે ય ક્યાં ગાંજયો જાય એવો હતો, "તો એમ કહેવાય કે ખાસ કઈ નથી બનાવ્યું? તમારા જેવો સંભારો બનાવતાં કોને આવડે છે? ને હું કઈ "ચાખવાનો" નથી હોં, ખાસ્સો બધો ખાઈશ!" મીતા હસી પડી ને બ્રિજેશને માટે કિચનમાં સંભારો લેવા ગઈ. એટલે બ્રિજેશ મારી તરફ ફર્યો, "શું 'લ્યા દેવેનિયા, બહુ કામમાં પડ્યો છે? બોલાવતો ય નથી!" મેં કહ્યું, "લે, આ તો ઉલ્ટા ચોર કોતવાલકો ડાંટે! અલા, તું તારી ભાભીની ચાપલૂસીમાંથી ઊંચો આવે તો મારી સામે જુએ ને!" બ્રિજેશ ખડખડાટ હસી પડ્યો.

બ્રિજેશ મારો લગ્ન પહેલાંનો ભાઈબંધ. લગ્ન પછી ઘણા મિત્રો દૂર થતા ગયા પણ બ્રિજેશનું મારા ઘરે આવનજાવન ચાલુ રહ્યું. મીતા સાથે પણ એને ફાવી ગયું હતું અને મીતાને પણ મારો નિખાલસ અને નિર્દોષ ભાઈબંધ ગમી ગયો હતો. એની સાથે એ મારા જેટલી જ હળીમળી ગઈ હતી. મને પણ સારું લાગતું હતું કે મીતા પિયર છોડીને આવી તો એને કોઈક પોતીકું લાગે એવું મળી ગયું હતું.

"ભાભી, મસ્ત હોં! લોકો ગાંઠિયા જોડે સંભારો લઈ આવે પણ તમે તો પાછલા બારણેથી સંભારા જોડે ખાવા મારા માટે ગાંઠિયા લઈ આયાં!" બ્રિજેશ આંગળાં ચાટતાં બોલ્યો. "અલ્યા એ, મારા માટે પણ થોડો રાખજે!" હું હસતાં-હસતાં બોલ્યો. બ્રિજેશનું નટખટપણું બહાર આવી ગયું, "હા તે ખા ને, આને તારું જ ઘર સમજજે!" મેં ખડખડાટ હસતાં સંભારો મોંઢામાં મૂક્યો પણ જેવો મૂક્યો એવો જ મારા મોંઢામાંથી સિસકારો નીકળી ગયો. "મીતા, આ તો બહુ તીખો છે!" મીતા બિચારી ગભરાઈ ગઈ, "હેં? તીખો બન્યો છે? તો બ્રિજેશભ'ઈ કેમ કશું ના બોલ્યા?" જવાબમાં બ્રિજેશે સ્મિત કર્યું, "ભાભી, તમે આટલા પ્રેમથી મારા માટે પીરસ્યું અને હું એમ કહી દઉં કે આ તો બહુ તીખું છે તો તમને કેટલું દુઃખ થાય?" મીતાએ મારી સામે એક કરડી નજર નાખી અને પછી પ્લેટ્સ લઈને કિચનમાં ચાલી ગઈ! મેં કહ્યું, "અલ્યા બ્રિજેશિયા, હીરોગીરી બતાવવી હોય ને તો તારી ઘરવાળી આગળ બતાય! હમણાં નંદિનીને ફોન કરીને પૂછું છું કે તારા ઘરમાં આવી સિચ્યુએશન ઊભી થાય ત્યારે તું એના દિલને દુઃખ ના પહોંચે એનો કેટલો ખ્યાલ રાખે છે!" બ્રિજેશ "ના, ના" કરતો હસી પડ્યો.

બ્રિજેશ અને નંદિની અમારા ઘરે વારંવાર આવતાં પણ નંદિની કામમાં અટવાઈ હોય તો કોઈક વાર ન આવી શકતી પણ બ્રિજેશનો આંટો અઠવાડિયામાં બે વાર અમારા ઘરે હોય જ!

"ભાભી, તમને દેવેન બહારગામ ફરવા લઈ ગયો એને કેટલો વખત થયો હશે?" એક દિવસ બ્રિજેશે આવીને મમરો મૂક્યો. મેં કહ્યું, "તું નંદિનીને છેલ્લે ક્યારે ગામના તળાવે પણ લઈ ગયો હતો એ વાત કર ને!" બ્રિજેશની પહેલાં મીતા બોલી પડી, "તમારા ભાઈબંધને તો બધાંમાં બીજાનો વાંક જ દેખાય છે! તમારી વાત સાચી છે હોં બ્રિજેશભ'ઈ, લગ્ન થયાં ત્યારે એ આબુ લઈ ગયા હતા. તે પછી આજની ઘડી ને કાલનો 'દિ! હરામ જો ક્યાંય લઈ ગયા હોય તો!" એટલે બ્રિજેશે તક ઝડપી, "અલ્યા દેવેન, નોકરીમાંથી થોડો ટાઈમ કાઢ ને, આપણે ચારે ય જણાં કશેક ફરવા જઈએ!"

મીતા ખુશ થઈ ગઈ, "તમે લોકો સ્થળ ને તારીખ નક્કી કરો ત્યાં સુધીમાં હું વોશિંગ મશીનમાં કપડાં નાખીને આવું." એના ગયા પછી મેં બ્રિજેશનો કોલર પકડ્યો, "અલ્યા, તને બહુ અભરખા છે સાથે ફરવા જવાના!" એ કહે, "ના ભ'ઈ ના, આ તો નંદિની ક્યારની ય જીદ પકડીને બેઠી છે કે ક્યાંક ફરવા જઈએ. પછી એ મારું માથું ખાય એના કરતાં એને ભાભીને પધરાવી દેવાની!" અમે બંને હસી પડ્યા.

ક્યાં જવું ને ક્યાં ફરવું એ બધું નક્કી થવા માંડયું. બ્રિજેશે કહ્યું, "આપણે શેમાં જવું છે? ટ્રેનમાં કે પ્લેનમાં?" બંને સન્નારીઓ તો પ્લેનની રઢ લઈને બેઠી હતી પણ મેં બંનેનાં ભાડાં વચ્ચેનો ફરક સમજાવ્યો એટલે ઠરી ગઈ! બ્રિજેશે કહ્યું, "ભલે ટ્રેનમાં જઈએ પણ ફર્સ્ટ એ.સી.માં જઈએ. ટ્રેનની જર્ની પણ પ્લેન જેવી લાગશે. શું કહેવું છે બધાંનું?" મીતાએ તરત કહ્યું, "હાસ્તો. એટ લીસ્ટ, જર્ની કરવાની મજા તો આવે." મારે સ્વીકૃતિ આપ્યા સિવાય છૂટકો નહોતો! નંદિનીએ પણ વાતને વધાવી લીધી.

મીતાએ અલ્ટિમેટમ બહાર પાડ્યું, "હવેથી બધો પ્રોગ્રામ બ્રિજેશભ'ઈ જ નક્કી કરશે." બ્રિજેશ શહેનશાહની અદામાં મુસ્કુરાયો. અમદાવાદથી ચેન્નઈની ટ્રેનનું બુકિંગ કરવાનું થયું. બ્રિજેશ કહે, "ચલ દેવેનિયા, લેપટોપ ખોલ. ઓનલાઈન બુકિંગ કરી લઈએ." મેં કહ્યું, "હોય કઈ? તારી ભાભીએ બધો કારભાર તને સોંપ્યો છે તે તું કર!" એમાં એ શૌર્યરસમાં આવી ગયો! મને કહે,

"તું ખાલી લેપટોપ લાય. બુકિંગ હું કરી દઈશ." મેં "ભલું થયું ભાંગી ઝંઝાળ"ના ભાવથી એને લેપટોપ સોંપી દીધું!

એ સાંજે એ વિજયી અદાથી મારા ઘરમાં પ્રવેશ્યો. "દેવેન, ભાભી, માંડો સામાન બાંધવા! વીસ દિવસ પછી, ત્રેવીસમી તારીખનું બુકિંગ થઈ ગયું છે. ગાડી પેક જાય છે પણ આપણી ટિકિટ કન્ફર્મ છે. ભાભી, લાંબો રન છે. ખાવા-પીવાનું જે લેવું હોય તે લેજો પણ તમારી ઓલ ટાઈમ હીટ ચટણી તો જોડે જોઈશે જ!" એની ભાભી પણ હરખપદૂડી થઈ ગઈ, "અરે, ચોક્કસ. આ તમે છો તે ફટાફટ બુકિંગ થઈ ગયું! અમારે આ હોત તો હજી સુધી ક્યાં જવું એ જ નક્કી ના થાત!" બ્રિજેશે ત્રાંસી આંખે મારી સામે જોયું. મેં મૌનવ્રત સેવ્યું.

તે પછી તડામાર તૈયારીઓ થવા લાગી. "નંદિનીભાભી, કહું છું, બહુ સાડીઓ ના લેશો. આપણે ચેન્નઈથી સિલ્કની સાડીઓ ખરીદવાની જ છે ને! પાછો સામાન વધી જશે! અને ત્યાં તો ઢોંસા સસ્તા મળશે! દબાવીને ખ'ઈ જ લેવાના!" એવા ડાયલોગ મારે કાને પડવા માંડ્યા!

"કહું છું, બેગો બર્થ જોડે બાંધવા ચેન લઈ લેજો. રાતની જર્ની છે. સામાન ચોરાઈ જાય તો!" મીતાએ ચિંતાતુર ચહેરે કહ્યું. મેં કહ્યું, "ડિયર મીતા, તારો દિયર બ્રિજેશ જે ફર્સ્ટ એ.સી.ની ટિકિટ લાવ્યો છે ને એમાં કંપાર્ટમેંટ અંદરથી બંધ થઈ જાય! અને આપણે ચાર જણાં છીએ એટલે આખું કંપાર્ટમેંટ આપણને મળી જશે!" એ મોઢું ફુલાવીને રૂમમાં જતી રહી!

એમ કરતાં-કરતાં જવાનો દિવસ આવી ગયો. મેં બ્રિજેશને પૂછ્યું, "ઓટો-રિક્ષામાં સ્ટેશને પહોંચવાના કેટલા લે છે, ખબર છે?" એ ઉપહાસભર્યું હસ્યો, "ફર્સ્ટ એ.સી.માં જઈએ છીએ ને ઓટોમાં જવાનું? સુધર હવે, દેવેનિયા! હું ને નંદિની કેબ કરીને આવશું. તમને રસ્તામાંથી પિક-અપ કરી લેશું." મેં કહ્યું, "ભલે."

નિયત તારીખે અમે સાંજે સાડા સાત વાગે રેલવે સ્ટેશને પહોંચ્યાં. બંને સન્નારીઓના ઉત્સાહનો પાર નહોતો! અમે ઘણી રાહ જોઈ પણ ચેન્નઈની કોઈ ટ્રેન ડિસ્પ્લે થતી નહોતી! મેં બ્રિજેશ સામે જોયું. એ હાંફળો-ફાંફળો સ્ટેશન-માસ્તરની કેબિનમાં દોડી ગયો. પાંચ મિનિટ પછી એ વીલે મોંઢે બહાર આવ્યો. માંડ-માંડ હિંમત કરીને એણે મારી સામે ટિકિટ ધરી, "હું એમ સમજ્યો હતો કે આપણી ટ્રેન આઠ પી.એમ. ની છે.....પણ આ તો આઠ એ.એમ. લખ્યું છે! આપણી ટ્રેન તો સવારે આઠ વાગે જ રવાના થઈ ગઈ! અને.....ચેન્નઈ માટે એ એક જ ટ્રેન છે!"

સ્તબ્ધ ઊભેલી મીતાના કાનમાં હું ધીમેકથી ગણગણ્યો, "મીતા, હવે કઈ કહેવું છે? પારકે ભાણે લાડુ મોટો જ દેખાય!"

- mtabuch150@gmail.com

પ્રેમ શબ્દ સ્ત્રી અને પુરુષના સુંવાળા સંબંધ પૂરતો મર્યાદિત નથી

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

ફેબ્રુઆરી મહિનો એટલે પ્રેમનો મહિનો એવા વેવલાવેડા આપણને ભારતીયોને અને એમાંય ખાસ કરીને આપણને ગુજરાતીઓને ના શોભે હોં... આપણાં ગુજ્જુભાઈને તો જીવનના દરેક સ્ટેજ પર એક મહિલા સાથીદાર સાથે હોય એ ગમતું હોય છે પછી એ મહિલા મા હોય કે ગર્લફ્રેન્ડ એને એ દરેક સાથે નિભાવી લેતા આવડે છે.

ઘરવાળી ઘરે રાહ જોતી હોય તોય તક મળતા બહેનપણી સાથે પાણીપુરી ખાઈ લેવાની મજા માણી ઘરે જતા પુરુષને જો પત્ની કહે કે આજે મારૂ પાણીપુરી ખાવાનું બહુ મન હતું પણ તમે મોડા આવ્યા ત્યારે જરાય ખચકાયા વગર કહી દે કે, અરે ગાંડી એમાં પ્રોગ્રામ કેન્સલ શું કામ કરે છે? મોડું થયું તો થયું એમાં શું? હાલ તૈયાર થઈ જા બહાર જઈ આવીએ. પેટમાં પહેલેથી જ બહેનપણી સાથે ખાધેલી પાણીપુરી ઊંચી નીચી થતી હોય તોય પત્ની સાથે ફરી એટલી જ પાણીપુરી ખાઈ લેવામાં વાંધો ના આવે એવા પતિઓને વેલેન્ટાઈન્સ ડેની રાહ જોવાની જરૂર નથી પડતી. કેટલાક પુરુષોને તો પાણીપુરી ભાવતી પણ ના હોય તોય બસ કોઈને પાણીપુરી ખાતી જોવાની મજા લેવા એમના પેટ પર જુલમ કરવા રાજી થઈ જાય.

પુરુષને સ્ત્રીઓની કંપની ગમતી હોય છે એ સત્ય હવે બધાએ સ્વિકારી લીધું છે. એ સ્ત્રી પછી બહેનપણી હોય કે બહેન, પત્ની કે પુત્રી પુરુષને દરેક એ સાથે સમય પસાર કરવો ગમતો હોય છે. એની પાસે એ દરેક સાથે કરવાની અલગ વાતો હોય છે. જે મજાક બહેનપણી કે પત્ની સાથે થઈ શકે એ ભુલથીય બહેન કે પુત્રી સાથે ના થઈ જાય એ વાતનું એને ભાન હોય છે. અમુક વાત પત્નીને કહેવાય પણ બહેનપણીને નહિ ને કેટલીક વાતોની ચર્ચા બહેનપણી સાથે કરાય પણ ભૂલથીય પત્નીને કાને વાત ના જવી જોઈએ એની એને પાક્કી ખબર પડે છે. આ ભાન રાખવાની અને ખબર પડવાની વાત જ એને જીવનમાં સ્ત્રીઓ સાથે મન ભરીને જીવવા કામ લાગે છે.

આ તો વાત થઈ પુરુષોની સામે છેડે સ્ત્રીઓ પણ સમજદાર થઈ રહી છે. આજની સ્ત્રીઓને પતિ કોઈ અજાણી સ્ત્રી સાથે વાત કરતો દેખાય તો ઈર્ષા નથી આવતી કે દાળમાં કંઈક કાળું છે એવો વહેમ નથી જતો એવું નથી પણ હવે એ મુદ્દે વધારે ઝઘડા નથી થતા. એકવાર પુરુષ કહી દે કે એ સ્ત્રી મારી ફ્રેન્ડ છે અને ક્યારેક એની સાથે ચર્ચા કરવી મને ગમે છે એટલે વાતનો ત્યાં જ અંત આવી જાય છે. ક્યાંક કોઈ પતિ એની પત્નીને કહી દે કે આજે હું ફલાણી છોકરીને મળ્યો હતો અમે સાથે કૉફી પીવા ગયેલાં. એ છોકરીને જોઈને મને એવું થાય છે કે કાશ મારે પણ એના જેવી જ એક મીઠડી બહેન હોત! એ પત્ની પછી ક્યારેય એના પતિને એ છોકરી સાથે વાત કરતો કે કૉફી પીતો જોઈ એની પર શંકા નહિ કરે.

એકવાર આનંદને ઘરે આવતા ખાસ્સું મોડું થઈ ગયેલું. એની પત્ની સુહાની રાહ જોઈ જોઈને થાકી હતી. એનો ફોન પણ બંધ આવતો હતો અને ત્યારે એક મિત્રની ફેસબુક પોસ્ટમાં એણે આનંદનો ફોટો જોયો. એ કોઈ ન્યુઝ ચેનલના દ્રશ્યો હતા. એક હોટેલ પર પડેલી રેડની વાત હતી અને ત્યાંથી કઢંગી હાલતમાં પકડાયેલા કેટલાક સ્ત્રી પુરુષોના ચહેરા થોડાક બ્લર કરીને મૂકેલા હતા. સુહાનીને જબ્બર આઘાત લાગ્યો જ્યારે એણે આનંદને એ ફોટામાં જોયો. એ ફોટો બ્લર કરાયેલ હતો છતાં એ એના પતિને ઓળખી ગયેલી.

સુહાની બિચારી આનંદ ધંધાદારી સ્ત્રીઓ પાસે જઈ શકે છે એવું વિચારતાય એને તકલીફ થઈ રહી હતી. આનંદને કેટલીય સ્ત્રી મિત્રો હતી, બહેનો હતી અને એ દરેક સાથે એ સલુકાઈથી વર્તતો હતો. સુહાનીને ક્યારેક એના પર શંકા થતી પણ જેવું એ આનંદને કશુંક કહે કે તરત જ એ એની શંકાનું જડમૂળથી સમાધાન કરી લેતો...આજની વાત અલગ હતી.

રાતના સાડા બાર વાગ્યે આનંદ ઘરે આવ્યો ત્યારે સુહાની એની પર વરસી પડવા તૈયાર ઊભી હતી. આનંદ ઘરમાં આવ્યો કે તરત જ એણે પૂછ્યું, ક્યાં હતો અત્યાર સુધી? આટલું બધું મોડું અને તારો ફોન કેમ બંધ આવતો હતો? એવા તો શું જરૂરી કામમાં વ્યસ્ત હતો કે ફોન પણ બંધ કરી દેવો પડેલો?

આનંદે શાંતિથી કહ્યું કે પહેલાં એક ગ્લાસ પાણી આપીશ. છેલ્લા ચાર કલાકથી એક ઘૂંટ પાણી પણ નથી મળ્યું.

સુહાની એ થોડી ધીરજ રાખી અને ધીમે ધીમે બધી વાત પૂછી, ફેસબુકમાં એણે જોયેલો ફોટો પણ બતાવ્યો અને સમાજમાં એમની કેવી બદનામી થશે એ પણ કહ્યું ત્યારે આનંદે કહ્યું, "એ ફોટો સાચો છે. એ વ્યક્તિ હું જ છું અને હું ત્યાં ગયો હતો ખરો પણ મારો ઈરાદો નેક હતો. જેવું તું વિચારે છે એવું કશું જ નથી. મારી સાથે નોકરી કરતા એક મિત્રએ મને વાત કરેલી કે આજે એનો મિત્ર સત્તર વરસની એક છોકરી સાથે મજા કરવા હોટેલમાં જવાનો છે. એ છોકરીએ એની કોલેજની ફી ભરવા પોતાનું શરીર વેચવા મૂક્યું હતું અને એમાં જ આજની હોટેલની મુલાકાત નક્કી થયેલી. મને ખબર નહીં કેમ પણ એ છોકરી વિશે જાણી આપણી દીકરી યાદ આવી ગઈ હતી. એ પણ તો સત્તર વરસની થવા આવી ને...બસ મેં નક્કી કર્યું કે હું એ છોકરીને પતનને રસ્તે નહીં જવા દઉં. મેં મારા એક સમાજ સુધારક મિત્ર સાથે વાત કરી અને એની મદદથી અમે જ એ હોટેલ પર પોલીસની રેડ પડાવી હતી. આ બધી હડબડીમાં ફોન હાથમાં સરકી ગયેલો અને એ કામ કરતો બંધ ગયો હતો. સોરી હું તારો ફોન ના લઈ શક્યો કે સામેથી તને કૉલ કરવાનું પણ ભુલાઈ ગયું. એણે એ છોકરીનો ફોટો સુહાનીને બતાવ્યો અને હવે એ સેફ છે એ કહી આગળ શું કરવાનું છે એ પણ સમજાવ્યું.

સુહાની શું કહે... એણે બસ બે ડગલાં આગળ જઈને એના પતિને ગળે લગાવી લીધો. એ દિવસે વેલેન્ટાઈન્સ ડે હતો. આખી દુનિયા એમના પ્રેમને એમની ગમતી વ્યક્તિ આગળ દર્શાવવા મચી પડી હતી ત્યારે સુહાનીનો પતિ એક સત્તર વરસની કુમળી કાયાને પીંખાઈ જતી બચાવી રહ્યો હતો. એ દિવસે એને પત્ની માટે કોઈ ગિફ્ટ લઈ જવાનું યાદ નહોતું આવ્યું, વહેલા ઘરે આવવાનું કે ફોન પર કોઈ સરસ મેસેજ મોકલવાનું પણ નહોતું સુઝ્યું અને તોય સુહાની ખુશ હતી. ઘણી વધારે ખુશ.

કોઈ સુંદર મહિલાને આસપાસ જોતા જ પુરુષની વાણી, વર્તન બદલાઈ જાય એ નોર્મલ છે પણ એનો મતલબ એ નથી કે એ દરેક પુરુષ લંપટ છે. હવે સ્ત્રીઓએ જ નક્કી એ કરવું પડશે કે એમને એમના ગમતા પુરુષ પાસેથી કયા પ્રકારનો પ્રેમ મેળવવો છે.

અમસ્તું,

આજનો પુરુષ એની પત્ની, પ્રેમિકા, બહેનપણી, બહેન બધીને સાચેસાચ પ્રેમ કરી જાણે છે હોં!

@NiyatiKapadia

કલમ પણ કમાલ છે દોસ્તો, પોતે ખાલી થઈને બીજાની જિંદગી લખે છે...!!

લાગણીનો મેળો
રસિક વાળંદ

સુખની આખી અનુક્રમણિકા , અંદર દુઃખના પ્રકરણ ,
તમે જિંદગી વાંચી છે ? વાંચો તો પડશે સમજણ.

- મુકેશ જોષી

● ● ●

જીવનમાં કેટલુંક અણધાર્યું - અકલ્પનીય બને છે કે તેનો રંજ જીવનભર પીડા આપે ...એકવાર ગુરુપત્નીનો હેતાળ પત્ર આવ્યો, ' સાહેબ, બીમાર છે, આપને યાદ કરે છે.મળવા આવો તો સારુ...! ' જો કે મળવા જવામાં વિલંબ થયો ને જાણવા મળ્યું કે, ' સાહેબ, આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા..! ' હૈયામાં કંઇ કેટલુંયે ધરબાયેલું પણ બધું નક્કામું... એળે ગયું... આવી તો જીવનમાં બીજી બે - ચાર ઘટનાઓ ઘટી ચુંકી ....એનો પારાવાર પસ્તાવો પંડને પીડે છે.કોઇના પ્રત્યે ભાવ ...પ્રેમ..લાગણી હોય પણ જ્યારે વ્યકત કરવાનો મોકો છીનવાઈ જાય... તક ચૂકી જવાય...સમય આવે ને ચાલ્યો જાય.. હૈયાના અણમોલ ભાવ..પ્રેમ...લાગણી..હૈયામાં જ દફનાવવા પડે ...પછી પસ્તાવો...રંજ..ને અફસોસ વેઢારવા નો...! ફરી એવી તક ક્યારે સાંપડે ..?!! હમણાં એક ભાઈ મળ્યા વાતચીત દરમિયાન સહજભાવે હૈયું ઠાલવતા કહેવા લાગ્યા , ' મારાં મા - બાપ નાના ભાઈને ત્યાં છે.મને મારાં મા બાપ પ્રત્યે પૂરેપૂરો આદર - ભાવ - પ્રેમ ને કૃતજ્ઞ ભાવ પણ છે પરન્તુ એમની સન્મુખ ક્યારેય વ્યકત કરી શક્યો નથી...હું એમના પ્રત્યે ભારોભાર લાગણી ધરાવું છું - એ તેઓ જાણે છે...જાણતા હશે જ...પણ તેઓ જ્યારે મારી પાસે હતાં ત્યારે હું કદીયે એવું કહી શક્યો નથી.હવે એ મારાથી ખૂબ દૂર છે ત્યારે હૈયું વલોવાય છે...મારી આ લાગણી એમને જણાવી દઉં તો મને ટાઢક વળે..! મેં એમને કદી દૂભવ્યા નથી ને એમના પ્રત્યે પ્રેમ હોવાની ખાતરી પણ કરાવી શક્યો નથી...આ જ મોટું દુઃખ મને જંપવા દેતું નથી....'

આપણાં હૈયાંની આ જ વિચિત્રતા છે કે તક મળે ત્યારે ગુમાવી બેસીએ ને પછી તક ચાલી ગઇ એ સમજાય ત્યારે વિલાપ કરીએ...વલખાં મારીએ... કહેવાના સમયે કહી ન શકીએ ને પછી કહેવા માટે ફાંફાં મારીએ..

મિત્રો, અહી આ સંદર્ભે અંગ્રેજ સાહિત્યકાર અને તત્વચિંતક ટૉમસ કાર્લાઈલનો જીવન પ્રસંગ યાદ આવે છે. કાર્લાઈલ જરા ઉગ્ર સ્વભાવના હતા.૧૮૨૬ માં જેન વેલ્સ સાથે લગ્ન કર્યું. પત્ની પ્રત્યે સાચદિલ પ્રેમ પણ એની સાથે વર્તન વ્યવહાર કે વાતોમાં પ્રેમ ન દેખાય.બસ, તુંડમિજાજ ને અધીરાઈ, ઠપકો ને ઝગડો...આ જ નિત્ય ક્રમ.. કદી ક્યારેય એક સારો શબ્દ કે વ્હાલભરી નજર સુધ્ધાં નહીં.હૈયું સાચું પણ સ્વભાવ તુંડમિજાજી.લાગણી ખરી પણ એનું ક્યાંય પ્રમાણ નહીં. ..છતાં ઘરસંસાર નભ્યે જતો...

ચાર દાયકાના લગ્નજીવન પછી પત્ની અચાનક ગુજરી ગઇ. કાર્લાઈલ સ્તબ્ધ બેબાકળા થઈ ગયા...હવે સમજાયું કે જીવનભર પત્ની સાથે કેવું વરત્યા..! પત્ની ઘણાં સમયથી રોજનીશી લખતી એ એમણે શોધી કાઢી અને એમાં પતિને એના પર પ્રેમ હતો અને એ જાણતી હતી યે વાતનો ઉલ્લેખ કે સ્વીકારની ક્યાંય નોંધ છે કે નહીં તે શોધવા લાગ્યા પણ ક્યાંય એ વાતની નોંધ કે ઉલ્લેખ સરખોય ન મળ્યો .પરન્તુ તુંડમિજાજી પતિને કારણે કેટલું વેઠવું પડયું એનો સ્પષ્ટ ઉલ્લેખ બહું માત્રામાં હતો.

એ જોઈ કાર્લાઈલ લગભગ ગાંડા જેવો બેબાકળો થઈ ગયો, અને રડમસ થઈ કહેવા લાગ્યો , એને માટે મને કેટલો ભારોભાર પ્રેમ હતો ! પણ એને કશી ખબર ન્હોતી. જો એ પાંચ મિનિટ માટે પાછી આવી શકે , જો હું એને ફરી એકવાર મળી શકુ અને ' હું તને ચાહું છું ' એ એને પૂરા દિલથી કહી શકુ, ' મારાં મિજાજ ને ઉદ્ધતાઇ , બૂમો ને રુક્ષતા છતાં હું તને હંમેશા ખૂબ ખૂબ ચાહતો હતો. ' એટલું જો એકવાર એને કહી શકુ , જણાવી શકું તો મારા હૈયે ટાઢક વળે.પણ હવે તે આવવાની જ નથી. મારો પ્રેમ જાણતી નહોતી ને હવે કદી જાણશે પણ નહીં.' કાર્લાઈલે આવો એકરાર કર્યો છે, આ હૃદયવિદારક ઘા પછી તેમની કલમમાંથી કોઈ ગણનાપાત્ર કૃતિ પણ સર્જાઈ નથી...

મિત્રો, વ્યકત થાય તે વ્યક્તિ. પરન્તુ વ્યકત થઈએ છીએ ખરાં ?! અરે , ઘરમાંયે માણસ ભારઝલ્લો થઈને જ જીવે છે. ઝભ્ભો ઉતારતાં શીખ્યો જ નથી.. અપેક્ષાઓનો ભાર લઈને ઘૂમરાયા કરે છે.યંત્રવત જીવ્યે જાય છે..સ્નેહનું ઉંજણ પણ નહીં એટલે જ ઘેર ઘેર ઘસરકા ને કર્કશ અવાજો સંભળાય છે. ઘરમાં યે જાણે ગયા ભવની વસુલાત માટે ભેગા થયાં હોય એવો માહોલ જોવા મળે છે..આને તે સહજીવન કહેવાય ? કોઇના અસ્તિત્વની નોંધ પણ ન લેવાની..? કોઈને બે સારા શબ્દો ન આપી શકીએ..બસ , ખપ પુરતું સહજીવન...! પ્રેમ, ઉપકાર, કૃતજ્ઞતા કે કદર કરવાનું ટાણું ચૂકી જઈએ પછી પેટ ભરીને પસ્તાવો કરવાનો....આમ જીવનભર અફસોસથી કણસવાનું..!!

ઘણીવાર એવું માની લઈએ છીએ કે માબાપ બધું જાણે છે કે દિકરાને એમને માટે પ્રેમ છે, પત્નીને ખાતરી છે કે પતિને એને માટે પ્રેમ છે, મિત્રને વિશ્વાસ છે કે મિત્રને એને માટે પ્રેમ છે પછી કહેવાની શી જરુર ? પણ આ આપણો ભ્રમ છે...પત્ની..માવતર ..દોસ્ત..કે સ્નેહી સ્વજનો આ બધાના કાન એ સાંભળવા ઉત્સુક હોય છે પણ થાય છે ઊલટું ને બધાં હીઝરાય છે..પીડા અનુભવે છે..પ્રેમ સહાનુભૂતિ છે તો કદર કરો...જણાવો...ખરા દિલથી હૈયાનો ભાવ વ્યકત કરો, ઔપચારિક લપલપ નહીં..જ્યારે તક મળે ત્યારે રુ